ખાણ ખનીજ વિભાગમાં ભૂખ હડતાલ પર ઉતરેલા લીઝ ધારકનું ટાય ટાય ફીસ..!

મોટી બોરડીમાં માટીની પરમીટ ધરાવતા અમરત ચમાર સરકારી ઓફિસમાં ઉપવાસ પર બેઠા હતા : પરમીટ કરતાં વધુ ખનનની ફરિયાદ મળતા એકાઉન્ટ સીઝ કર્યુ : જિલ્લા કલેક્ટરે લીઝ ધારક વિરૂદ્ધ કડક પગલાંની ચીમકી આપી

મોડાસા, તા. ૯

મોડાસા શહેરમાં આવેલી અરવલ્લી જિલ્લા ખાણખનીજ વિભાગની કચેરીમાં પોતાની

મળેલી પરમીટ રદ થતાં એક પરમીટધારક ચેમ્બરમાં જ ભુખ હડતાલ પર ઉતરી ગયો હતો. અને પોતાની પરમીટ ફરી ચાલુ કરવા માંગ કરી હતી. પણ છેલ્લે ખાણખનીજ વિભાગ તથા જિલ્લા કલેક્ટરે કડક પગલાની ચેતવણી આપતા આખરે સમગ્ર પ્રકરણનો નાટ્યાત્મક અંત આવ્યો હતો. જ્યારે બીજીબાજુ મોડાસામાં માટી ચોરી કરતા એક-બે માફીયાઓ પાસ-પરમીટ વગર રાત્રીના સમયે ચોરી કરે છે તેમની વિરૂદ્ધ પગલા લેવા માંગ ઉઠી છે.

મોડાસા તાલુકાના બોરડીગામમાં ૪૦૦૦ ટન માટી ખોદવાની પરમિટ ધરાવતા અમરત ચમાર નામના વ્યક્તિ દ્વારા આગામી તા. ૧૧ સુધી માટી લેવાની પરમીટ છતાં વધુ ખનન થયાની ફરિયાદના આધારે જિલ્લા કલેક્ટરે જોઈન્ટ સર્વેની કામગીરી કરવાનો આદેશ બાદ ઉપરોક્ત પરમીટનું એકાઉન્ટ સીઝ કરીને પરમીટ રદ કરવામાં આવતા પોતાને અન્યાય થયો હોવાનું કારણ આગળ ધરીને ખાણખનીજ અધિકારી અજીતસિંહ યદુવંશીની ચેમ્બરમાં જ ૫ વાગ્યાથી જ ભૂખ હડતાલ પર બેસી ગયા હતા અને પોતાની પરમીટ ફરીથી ચાલુ કરવા માંગ કરી હતી. જેના લીધે પોલીસ તથા અધિકારીઓ આવી પહોંચ્યા હતા.

આ બાબતે ખાણખનીજ અધિકારી અજીતસિંહે પત્રકારોને જણાવ્યું હતું કે અમરત ચમાર અગાઉ પણ માટી ચોરીના પ્રકરણમાં દંડ ભરી ચુક્યા છે. બોરડીમાં ફરિયાદ મળતાં સર્વેની કામગીરી કર્યા બાદ સરકારી નિયમો મુજબ એકાઉન્ટ સીઝ કરી પરમીટ રદ કરવામાં આવી છે. તપાસના રિપોર્ટની ફાઈલ જિલ્લા કલેક્ટર સી. છાકછુઆક પાસે પેન્ડીંગ છે. જિલ્લા કલેક્ટર નિર્ણય લે તે બાદ જ આગળની કાર્યવાહી હાથ ધરાશે. પણ ઓફિસોમાં જ તાત્કાલિક નિકાલ લાવી પોતાની પરમીટ ચાલુ કરવા અણરતભાઈ દ્વારા માગં કરવામાં આવી હતી. પોલીસે પણ મનાવવા પ્રયાસ કર્યો છતાં પોતાની માંગણી પર તેઓ મક્કમ રહ્યા હતા. ત્યાર બાદ સમગ્ર મામલો એક રાજકીય વ્યક્તિએ જિલ્લા કલેક્ટર સી. છાકછુઆકને કરતા તેઓએ સ્પષ્ટ જણાવ્યું હતું કે અમરતભાઈ પર અગાઉ કેસ થયેલા છે. વધુ એક કેસ થશે તો તડીપાર કરી દેવાની ચિમકી ઉચ્ચારી હતી. ખોટી માંગણીઓ ચલાવી નહી લેવાય તેવું કહ્યું હતું. આખરે અમરત ચમાર ભૂખ હડતાલ સમેટી લીધી હતી. આમ નાટ્યાત્મક અંત આવ્યો હતો.

મોડાસાના ગણેશપુરામાં લક્ષ્મી એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં અચાનક જ આગ ભભૂકી

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મોડાસાના ગણેશપુરામાં આવેલી જી.આઈ.ડી.સી.માં આવેલી લક્ષ્મી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ નામની સોટેક્સ મીલમાં ગુરૂવારની રાત્રે શોર્ટ સર્કીટથી આગ ભભુકી ઉઠતાં ઓફીસમાં રહેલો તમામ ઈલેક્ટ્રોનીક્સ ગેજેટ અને રાચરચીલુ અને વિજ ઉપકરણો બળીને ખાખ થઈ જતા ૩ લાખથી વધુનુ નુકશાન થયું હતું. સદ્દનસીબે શોર્ટ સર્કીટથી લાગેલી આગ ઓફીસ પુરતી સીમીત રહેતા સોટેક્સ મીલમાં રહેલો અનાજનો જથ્થો અને ૫૦ લાખથી વધુનું નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે.

મોડાસા-શામળાજી માર્ગ પર ગણેશપુરામાં આવેલી મોડાસા જી.આઈ.ડી.સી.માં આવેલી લક્ષ્મી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ નામની સોટેક્સ મીલમાં ગુરૂવારની રાત્રીએ શોર્ટ સર્કીટથી આગ ભભૂકી ઉઠતાં મીલની અંદર બનાવેલી ઓફીસમાં રહેલુ રાચરચીલુ અને કોમ્પ્યુટર, લેપટોપ, એસી, એલઈડી ટીવી અને વિજ ઉપકરણો સહિત મીલને લગતા હિસાબ-કિતાબના





ચોપડા બળીને ખાખ થઈ ગયા હતા. ઓફિસની અંદર લોખંડની તીજોરી પણ આગની લપેટમાં લપેટાઈ ગઈ હતી. લક્ષ્મી એગ્રો ઈન્ડસ્ટ્રીઝના માલીક વિનોદ રવિશંકરભાઈ શાહના જણાવ્યા અનુસાર બુધવારે રાત્રે ૯ વાગ્યે મીલ બંધ કરીને ગયા હતા. ગુરૂવારે કૌટુંબીક સામાજીક પ્રસંગ હોવાથી મીલનું કામકાજ સંપૂર્ણ બંધ હતુ. શુક્રવારે સવારે રાબેતા મુજબ મીલનું તાળુ ખોલતા અંદરથી ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા અંદર જઈ તપાસ કરતાં ઓફીસમાં શોર્ટસર્કીટથી આગ લાગ્યાનું જાણી ઓફીસની અંદર રહેલા ઈલેક્ટ્રોનીક્સ ગેજેટ અને વિજ ઉપકરણો અને રાચરચીલુ બળીને ખાખ થઈ ગયું હતું. અંદાજે ઓફિસમાં શોર્ટ સર્કીટથી ૩ લાખથી વધુનુ નુકશાન થયાનું જણાવ્યું હતું. સદનસીબે શોર્ટસર્કીટથી લાગેલી આગ ઓફીસ પૂરતી સીમીત ના રહી હોય તો મીલમાલીકને મોટુ નુકશાન વેઠવાનો સમય આવતો. દુકાનમાં રહેલો ઘઉં આને બાજરી સહિત ૫૦ લાખથી વધુના નુકશાનમાંથી મીલમાલીક આબાદ બચી જતાં ભગવાનનો આભાર માન્યો હતો.

મોડાસાના પંડ્યા વાસ વિસ્તારમાં દબાણકારોને નગરપાલિકાની નોટિસ

દબાણ દૂર કરવા કવાયત, જગ્યાના પુરાવા રજુ કરવા ૩ દિવસની મહેતલ

મોડાસા, તા. ૯

મોડાસાના માલપુર રોડ પર આવેલા પંડ્યાવાસ વિસ્તારમાં કેટલાક રહીશો દ્વારા ગેરકાયદેસર

રસ્તા પર દબાણો કરાતા રસ્તો સંકડાઈ જતાં અન્ય આ વિસ્તારના લોકોને અવર જવરમાં ભારે હાલાકી અનુભવવી પડે છે. મોડાસા નગરપાલિકા દ્વારા મુખ્યમાર્ગેથી પ્રાથમિક શાળાના માર્ગ પર કરાયેલા દબાણો દૂર કરવા દબાણકર્તાઓને નોટિસ ફટકારી જો માલીકીની જગ્યા હોય તો દબાણકર્તાઓને આધાર પુરાવા રજુ કરવા ૩ દિવસની મહેતલ આપવામાં આવી છે. મોડાસા નગરપાલિકા દ્વારા દબાણ દૂર કરવા નોટિસ ફટકારી દબાણો દૂર કરવા યોગ્ય કાર્યવાહિની ગતિવિધિ તેજ કરતા દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે.

મોડાસાના માલપુર રોડ પર આવેલા પંડ્યાવાસ વિસ્તારમાં મુખ્યમાર્ગથી પ્રાથમિક શાળાના માર્ગ પર કેટલાક રહીશો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરી દબાણ ઉભુ કરાયું છે. દસ ફૂટ પહોળાઈ ધરાવતા આ માર્ગ પર કેટલાક રહીશો દ્વારા ગેરકાયદેસર કંપાઉન્ડ વોલ, જાજરૂ-બાથરૂમ અને સીડીઓ બાંધી છે. મોટાપાયે દબાણ કરાતા આ માર્ગ પરથી ઈમરજન્સી સમયે એમ્બ્યુલન્સ વાન કે ફાયર ફાયટર પસાર થઈ શકતા નથી અન્ય રહીશોને દબાણથી ભારે હાલાકી અનુભવવી પડે છે. પંડ્યાવાસ પાસે આવેલી પ્રાથમિક સાળામાં ચૂંટણી સમયે ઉભા કરાતા મતદાન મથક પર મોટા વ્હીકલ પસાર થઈ શકતા નથી. મોડાસા નગરપાલિકા દ્વારા નવીન ગટર અને વરસાદી પાણીના નિકાલ માટેની યોજના મંજૂર કરાતા હાથ ધરાયેલ સર્વેની કામગીરી દરમ્યાન પંડ્યાવાસના રહીશો દ્વારા ઉભા કરાયેલા ગેરકાયદેસર દબાણો જણાઈ આવતા નપાના ચિફ ઓફીસર દ્વારા દબાણો દૂર કરવા કાર્યવાહિ હાથ ધરાઈ છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર નગરપાલિકા દ્વારા પંડ્યાવાસના રહીશોને તેમની મિલ્કતના જરૂરી પુરાવા રજુ કરવા અંગે મૌખિક જાણ કરાઈ હોવા છતાં આધાર પુરાવા રજુ કરાયા નથી. નગરપાલિકા દ્વારા ૩૫ રહીશોને હયાત બાંધકામના કાયદેસર પુરાવા રજુ કરવા ૩ દિવસની મહેતલ અપાઈ નોટીસ ફટકારી છે. જ્યાં ત્રણ દિનમાં બાંધકામ અંગે આધાર પુરાવા રજુ નહિ કરાય તો નગરપાલિકા તંત્ર દ્વારા દબાણ તોડી પાડવામાં આવવાનું જાણવા મળ્યું હતું.

પાંચ તાલુકા વિકાસ અધિકારીની બદલી

ગાંધીનગર, તા. ૯

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે વર્ગ-૨ સંવર્ગના પાંચ તાલુકા વિકાસ અધિકારીઓની બદલીના હૂકમો જારી કર્યા છે.

નામ	હાલની જગ્યા	બદલીની જગ્યા
શ્રીમતી જે. કે. આહિર	તાલુકા વિકાસ અધિકારી પાદરા	તાલુકા વિકાસ અધિકારી ધરમપુર
એમ.કે. વ્યાસ	તાલુકા વિકાસ અધિકારી ધરમપુર	તાલુકા વિકાસ અધિકારી ખેરગામ
શ્રીમતી એચ. એમ. વસાવા	તાલુકા વિકાસ અધિકારી મહુધા	તાલુકા વિકાસ અધિકારી નેત્રંગ
આર.ડી. પરમાર	તાલુકા વિકાસ અધિકારી સુઈગામ	તાલુકા વિકાસ અધિકારી ધાનેરા
શ્રીમતી કે.ટી. પંચાલ	તાલુકા વિકાસ અધિકારી ખેડા	તાલુકા વિકાસ અધિકારી મહુધા

ગતિશીલ ગુજરાત હેઠળ જુદા જુદા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા

ગતિશીલ ગુજરાત મુદ્દે આજે સૌરાષ્ટ્ર ઝોનના તમામ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ મુદ્દાઓમાં હજુ સુધીની પ્રગતિ અને કામગીરીની સમીક્ષા કરાઈ હતી. આયોજન ઉપર પણ ચર્ચા થઈ હતી. રાજયના ચીફ સેક્રેટરી જી.આર. અલોરિયા આજે સવારે રાજકોટ આવી પહોંચ્યા હતાં અને નવી કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા ત્યારે રાજકોટ જિલ્લા કલેક્ટર મનિષા ચંદ્રાએ તેમનું સ્વાગત કર્યું હતું. ચીફ સેક્રેટરી જી.આર. એલોરિયા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવ એમ. એસ. ડાગુર, શિક્ષણ વિભાગના સચિવ સુજીત ગુલાટી, વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવ પી.કે.પરમાર, શ્રમ અને રોજગાર વિભાગના અગ્રસચિવ સંજયપ્રસાદ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્રસચિવ ડૉ. રાજીવ ગુપ્તા, સેટલમેન્ટ કમિશનરઅને દફતર નિયામક વી.પી.પટેલ સહિતનાઓ હાજર રહેનાર રહ્યા હતા. રાજકોટ ખાતેની આ બેઠકમાં કુલ ૧૮ જેટલા સચિવ કક્ષાના અધિકારીઓ હાજર રહેનાર હતાં પરંતુ આ પૈકી ઉર્જા અને પેટ્રોકેમિકલ ડિપાર્ટમેન્ટના અગ્રસચિવ એલ.ચુવાંગો,પ્લાનિંગ ડિપાર્ટમેન્ટના અગ્રસચિવ કુમારી એસ.અપણ પંચાયત ગ્રામ ગૃહ નિર્માર્ણ વિભાગના અગ્રસચિવ બી.બી.શ્વેન, મહિલા અને બાળ વિકાસ વિભાગના અગ્રસચિવ અનુરાધા મલ્લ, આર.સી.મીના, આરોગ્ય વિભાગના સચિવ જે.પી. ગુપ્તા, સચિવ વત્સલા વાસુદેવ, મોના ખંધાર સહિતના અધિકારીઓ એક યા બીજા કારણોસર ગેરહાજર રહેતાં તેમના વિભાગના અન્ય ટોચના અધિકારીઓને આ મિટીંગમાં મોકલવામાં આવ્યા હતા.

વિકાસકામોને જન-જન સુધી લઈ જવા મુખ્યમંત્રીનું સુચન

મુખ્ય મંત્રી આનંદીબેન પટેલે રાજયમાંજિલ્લાઓના મુખ્ય કેન્દ્રો ઉપર જે તે જિલ્લામાં વિકાસ કામોની પ્રગતિ-સિદ્ધિની ઝાંખી કરાવતાં હોડીંગ્સ ડિસપ્લે બોર્ડની જન-જનને વિકાસકામોનો સાક્ષાત્કાર કરાવવાનું અભિનવ સુચન કર્યુંછે. તેમણે જણાવ્યું કે, જીલ્લા-તાલુકાના મથકની આગવી ઓળખ ધરાવતાં સ્થાનો, પાક પદ્ધતિ કે પ્રવૃત્તિના આકર્ષણ બેનર્સ ગામ-નગરના પ્રવેશદ્વારે મુકવાથી નવી છબી-ઈમેજ ઉભી કરી શકાય. મુખ્ય મંત્રી ગતિશીલ ગુજરાત કાર્યક્રમની જિલ્લા સમીક્ષા બેઠકમાં અમદાવાદમાં માર્ગદર્શન આપતાં આ સુચનો કર્યા હતા. તેમણે આંગણવાડી કાર્યકર બહેનો, સંખીમંડળ તથા સ્વસહાય જુથની ગ્રામીણ મહિલાશક્તિ, આશા વર્કર્સને અટલ પેન્શન યોજના તળે આવરી લઈ વૃદ્ધાવસ્થામાં પેન્સન મળે તેવી વ્યવસ્થા સનિશ્ચિત કરવાનું અભિયાન ઉપાડવા તંત્રવાહકોને તાકીદ કરી હતી. મુખ્યમંત્રીએ આ બેઠકમાં વિવિધ વિભાગોની જનકલ્યાણ યોજનાઓ કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરતાં કહ્યુંકે અધિકારીઓ લક્ષ્યાંક સિદ્ધ કરવા સાથેસામાન્ય માનવીના જીવનમાં બદલાવ આવે તેવી કાર્ય સંસ્કૃત્તિથી ફરજ દાયિત્વ નિભાવે તે આવશ્યક છે. આનંદીબેને આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે રાજય સરકારની જે હયાત જનકલ્યાણ યોજનાઓ છે તેના પરિપત્રો-નિયમો થયેલા જ છે તદ્દઅનુસાર સત્વરે અમલીકરણ કાર્યવાહી હાથ ધરાવી જોઈએ.

તાલુકા વિકાસ અધિકારી કક્ષાના ૧૦ અધિકારીઓને કરાર આધારીત નિમણુંક

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકારે નિવૃત્ત થયેલ વર્ગ-૨ સંવર્ગના તાલુકા વિકાસ અધિકારી કક્ષાના દસ અધિકારીઓને કરાર આધારીત નિમણુંક આપવામાં આવી છે.

નામ	કરાર આધારીત નિમણુંકની જગ્યા
ડી.એન. શાહ	તાલુકા વિકાસ અધિકારી તા. પંચાયત કચેરી તિલકવાડા
જે.એચ. નિઝામા	તા.વિ.અધિકારી, તા. પંચાયત કચેરી, કુકુરમુંડા
બી.ડી. ગઢવી	તા.વિ.અધિકારી, તાલુકા પંચાયત વાવ
એચ.કે. પંચાલ	તા.વિ.અધિકારી, તાલુકા પંચાયત કચેરી મેઘરજ
આર.બી. ભાભોર	તા.વિ.અધિકારી, તાલુકા પંચાયત કચેરી બગસરા
આર.બી. બલસારા	તા.વિ. અધિકારી, તાલુકા પંચાયત કચેરી ચાણસ્મા
પી.પી. યાદવ	તા.વિ.અધિકારી, તાલુકા પંચાયત કચેરી મહુવા
બી.એમ. બેલીમ	તા.વિ.અધિકારી, તાલુકા પંચાયત કચેરી સુઈગામ
એલ.જી. ભેમિયાત	તા.વિ. અધિકારી, તાલુકા પંચાયત કચેરી પોશીના
એમ.એચ. ભીલ	તા. વિ. અધિકારી, તા. પંચાયત કચેરી જેતપુરપાવી

કોફી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ ૧૪ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ ખુલે છે

ઈક્વિટી શેર દીઠ ૩૧૬ થી ૩૨૮નો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરાયો

કોફી ડે એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ (ધ "કંપની") રૂ. ૧૧,૫૦૦ મિલિયન ("ઈશ્યૂ") સુધીના શેર પ્રીમિયમ સહિત રોકડમાં રૂ. ૧૦ની મૂળકિંમત ("ઈક્વિટી શેર") ધરાવતા ઈક્વિટી શેરના પબ્લિક ઈશ્યૂનો ૧૪ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ પ્રારંભ કરવાની દરખાસ્ત કરી રહી છે. આ ઈશ્યૂમાં લોકો સમક્ષ આવનારા નેટ ઈશ્યૂ ("નેટ ઈશ્યૂ") અને પાત્રતા ધરાવતા કર્મચારીઓ "એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન") દ્વારા સબસ્ક્રિપ્શન માટે રૂ. ૧૫૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના રિઝર્વેશનનો સમાવેશ થાય છે. ઈક્વિટી શેર દીઠ રૂ. ૩૧૬ થી રૂ. ૩૨૮ સુધીનો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરાયો છે. મિનિમમ બિડ લોટ ૪૫ ઈક્વિટી શેરનો છે અને તેમાં ૪૫ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. આ ઈશ્યૂ દ્વારા ઓફર કરાતા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ તથા નેશનલ સ્ટોક એક્સેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાનો પ્રસ્તાવ કરાયો છે.

કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટસ ઈન્ડિયા પ્રા.લિ. અને મોર્ગન સ્ટેનલી ઈન્ડિયા કંપની પ્રાઈવેટ લિમિટેડ એ આ ઈશ્યૂના ગ્લોબલ કો-ઓર્ડિનેટર્સ તથા બુક રનિંગ લીડ મેનેજર્સ ("જીસીબીઆરએલએમ") છે. એક્સિસ કેપિટલ લિમિટેડ, એડલવેઈસ ફાઈનાન્સિયલ સર્વિસિઝ લિમિટેડ તથા યસ બેન્ક લિ. બુક રનિંગ લીડ મેનેજર (બીઆરએલએમ) છે. સેબીના આઈસીડીઆર રેગ્યુલેશન્સની જોગવાઈઓની સાથે સુસંગત એવી રીતે બૂક બિલ્ડીંગ પ્રક્રિયા મારફત આ ઈશ્યૂ લાવવામાં આવી રહ્યો છે, જેમાં નેટ ઈશ્યૂના ઓછામાં ઓછા ૫૦ ટકા હિસ્સાની ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("ક્યુઆઈબી")ને પ્રમાણસરના ધોરણે ફાળવણી કરાશે. સેબીની આઈસીડીઆર રૂપરેખાઓની સાથે સુસંગત એવી રીતે એન્કર ઈન્વેસ્ટર ઈશ્યૂ પ્રાઈસે અથવા તેથી ઉપર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ પાસેથી પાત્રતા ધરાવતી બિડ્સ મળવાની શરતે કંપની પોતાના વિવેકા વિકાર અનુસાર કિસ્સાના ૬૦ ટકા સુધીનો ભાગ રોકાણકારોને એન્કર ઈન્વેસ્ટર એલોકેશનું પ્રાઈસ પ્રમાણે ફાળવણી કરી શકે છે.

જયજયકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાખવા અમે કટિબદ્ધ છીએ. અમારી ટીમમાં દરેક જ્ઞાતિ, કોમ અને સમાજને સ્થાન આપી સામાજિક સમરસતા સહકારી માળખા થકી પ્રસરાવી રહ્યા છીએ. તેમણે જણાવ્યું કે સંસ્થાના વિકાસ માટે અમે કટિબદ્ધ છીએ. ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૮ બેઠકો અગાઉ બિનહરિફ જાહેર થઈ હતી. જ્યારે આજે ૪ બેઠકો પર ભવ્ય વિજય ડૉ. રાણાની પેનલનો થયો હતો.

ગાંધી ૧૦૦ (૪ પાનાનું ચાલુ...)

પોતપોતાના નિયમો (જોડણીના નિયમો) છે અથવા નિયમો વિના કામ કરીએ છીએ. ઉલ્લેખનીય છે કે જોડણી સંબંધે સ્પષ્ટ નિયમો ન હતા એ બાબતનો ઉલ્લેખ આ પત્રમાં તેઓ વ્યક્ત કરે છે અને થોડા વર્ષો બાદ જોડણી અંગેના નિયમોનું પુસ્તક ગાંધીજી આપવાને ઉપલબ્ધ કરાવે છે એની નોંધ લેવી જોઈએ.

(નોંધ : ગાંધીજીએ આ પત્ર બિહારમાં ચંપારણ્ય સત્યાગ્રહ સમયની લડત શરુ કરી તે સમયે લખ્યો છે જે દર્શાવે છે કે હિન્દુસ્તાનમાં શિક્ષણ કેવું હોવું જોઈએ એ અંગે મહાત્મા ગાંધીની નિષ્ઠા અને નિસ્બત કેવી ઉચ્ચ કોટિની હતી.)

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

પાર્કીંગ બનાવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીઓ આવેલી છે. જયારે ભવનના ૨૦ જેટલા બ્લોકમાં રોજબરોજ સેંકડો મુલાકાતીઓ અવરજવર કરે છે. બીજીતરફ ઉદ્યોગભવનના મુખ્ય પ્રવેશદ્વારા પાસે અગાઉ લેન્ડ સ્કેપીંગનુ કામ કરવામાં આવ્યુ હતુ. જયારે સંકુલમાં બગીચાનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. જેના લીધે પાર્કીંગ માટે પુરતી જગ્યા ન હોવાથી રોજ બરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. ઉદ્યોગભવનમાં નજર નાંખો ત્યાં કારનો ખડકલો થાય છે. પાર્કીંગની આ સમસ્યા નિવારવા ઉદ્યોગ ભવન સોસાયટી દ્વારા સંકુલમાં વિવિધ ૬ સ્થળોએ કાર પાર્કીંગ બનાવવામાં આવશે. આ ઉપરાંત ભવનની વિવિધ કચેરીઓમાં ૨૮ જેટલા ટોઈલેટ બ્લોકનુ પણ રીનોવેશન કરવામાં આવશે.જયારે વરસાદી પાણીથી બચવા માટે ખુલ્લા પેલેજ અને ડક્ટને ઢાંકવા માટે શેડ બનાવાશે. આ સઘળી કામગીરી પાછળ અંદાજિત રૂપિયા ૮ કરોડનો ખર્ચ થશે.

બે ઝડપાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફરાર થઈ ગયો હતો. જૈનુલ પણ ૨૦૦૮માં ભારતમાંથી ફરાર થઈ ગયો હતો. ૨૦૦૯માં બેંગ્લોર પોલીસે ત્રાસવાદી સૈયદ અફાકની ધરપકડ કરી હતી. તે વખતે પૂછપરછમાં આ શખ્સે જૈનુલ અને સુફિયાનના સંદર્ભમાં માહિતી આપી હતી.

બન્ને પહેલા પાકિસ્તાન અને ત્યારબાદ સાઉદી અરેબિયા ફરાર થઈ ગયા હતા. બન્નેની ધરપકડ કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગતો પ્રાપ્ત થઈ શકે છે. જોકે આ બન્નેની ધરપકડ હાલમાં થઈ નથી. ઘણા દિવસ પહેલાં જ તેમની ધરપકડ કરાઈ હતી. સાઉદી સિક્યુરિટી સંસ્થા દ્વારા જૈનુલની ભારતીય તપાસ સંસ્થાઓની વિનંતીના આધારે ગયા મહિને ધરપકડ કરવામાં આવી હતી. આરોપીના પાસપોર્ટના આધારે આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. સાઉદી સાથે હાલમાંજ ભારત સરકાર સાથે માહિતીની આપલેના સંદર્ભમાં સમજુતી કરવામાં આવી હતી.

ભાદરવામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનો બેબાકળા બની ગયા છે. ભાદરવામાં જાણે ચૈત્ર આકાશે ચઢયો હોય તેવી સ્થિતિ છે. એકબાજુ ચોમાસાની વિધિવત રીતે વિદાયનો સમય છે. ત્યારે ગરમીએ જોર પકડતા શહેરીજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહયા છે. વહેલી સવારે ગુલાબી ઠંડી અને બપોરે આકરી ગરમીના લીધે નગરજનો મૌસમના વિચિત્ર મિજાજનો અનુભવ કરી રહયા છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૧.૫ ડીગ્રી નોંધાયુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ઘટી ગયુ છે. વહેલી સવારે અને મોડી રાતે ઠંડીનો ચમકારો વર્તાઈ રહયો છે.

હાઈકોર્ટની નોટિસ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રણ મહિના માટે મોકુફ રાખવાના સરકારનાં પગલા સામે હાઈકોર્ટમાં પિટિશન કરાઈ છે.આ પિટિશનમાં રાજય સરકારને પગલાને અયોગ્ય ઠેરવીને સમયસર ચૂંટણી યોજવાની માગણી કરવામાં આવી છે. વિરેન્દ્રસિંગ મફાજી વાઘેલા નામના અરજદાર દ્વારા કોંગ્રેસના નેતા અને એડવોકેટ શક્તિસિંહ ગોહિલ મારફતે પિટિશન કરી છે. આજે એક્ટિંગ ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ એન.વી.અંજારીયાની ખંડપીઠ સમક્ષ ક્રમ નંબર-૩ ઉપર આ કેસ મુકવામાં આવ્યો હોવાથી ઉધડતી કોર્ટે જ સુનાવણી થઈ હતી. આ મેટરમાં દલીલો કરવા માટે રાજયના વિરોધ પક્ષના પૂર્વ નેતા અને હાલ અબડાસાના ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલ પોતે હાજર રહ્યા હતા. કેસની વિગતો મુજબ હાલમાં ઉભી થયેલી રાજકીય પરિસ્થિતિમાં ચૂંટણી ન યોજવા માટે રાજયની ભાજપ સરકારે અંતે વટહુકમ પ્રસિદ્ધ કરીને ૩૧ જિલ્લા પંચાયત, ૧૦૦થી વધુ તાલુકા પંચાયત, ૬ મહાપાલિકા અને ૫૮ નગરપાલિકાઓની ચૂંટણી પાછી ઠેલવવાની સત્તા મેળવી લીધી છે.